# નાંદોદમાં આવકના ખોટા દાખલા રજૂ કરવાનું કૌભાંડ

**ગાંધીનગરથી** 148 બોગસ દાખલા ચકાસણી માટે મોકલાયા

**તાલુકા** વિકાસ અધિકારીએ 34 દાખલા બોગસ ગણાવ્યા

રાજપીપળાઃ નાંદોદ તાલુકામાં વિવિધ ગ્રામ પંચાયતોના તલાટીના ખોટા સહી સિક્કા કરી RTE યોજના હેઠળ પ્રવેશ મેળવવાનું કૌભાંડ બહાર આવતાં અને આ બોગસ દાખલા કૌભાંડમાં પાંચ ઈસમ વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરાવનાર મહિલા TDOની રાતોરાત બદલી થતાં સમગ્ર ઘટનાક્રમ અંગે ભાજપ નેતાઓ માટે શરમજનક સ્થિતિ સર્જાઈ છે.

જ્યારે સાંસદ અને જિલ્લા ભાજપ પ્રમુખે TDOની બદલી અંગે જાહેરમાં નારાજગી વ્યક્ત કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ નાંદોદ તાલુકામાં RTE યોજના હેઠળ શાળામાં પ્રવેશ મેળવવા ગ્રામ પંચાયતોના તલાટીઓના ખોટા સહી-સિક્કા કરી બોગસ આવકના દાખલા અંગે ગાંધીનગરથી ભદામ ગ્રામ પંચાયતને તલાટીના સહી સિક્કાવાળો દાખલો શંકાસ્પદ હોવાની જાણ કરતાં આ સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. જેના પગલે નાંદોદ તાલુકા પંચાયતનાં TDO અંજલિ ચૌધરીએ પાંચ ઈસમ વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરાવતાં TDOની રાતોરાત બદલી થતાં એક ચર્ચા મુજબ તેમાં એક ભાજપ નેતાનો હાથ હોવાનું કહેવાય છે. તો બીજી બાજુ ગાંધીનગરથી 148 દાખલા ચકાસણી માટે મોકલતાં TDOએ તે પૈકી 34 દાખલા ખોટા હોવાનું જણાવતાં પ્રાથમિક શિક્ષણાધિકારીએ તમામના પ્રવેશ રદ કરી દીધા હોવાનું જાણવા મળે છે. આમ, ખોટા આવકના દાખલા અને TDOની બદલી પ્રકરણે ભાજપ છાવણી અને ગ્રામ્ય વિસ્તારમાં ચકચાર મચાવી છે.

### બોગસ આવકના દાખલા કૌભાંડમાં ટાઉન પોલીસ પર ભાજપ નેતાનું દબાણ?

નાંદોદ તાલુકા પંચાયતના વિવિધ તલાટીઓના ખોટા સહી સિક્કા કરી આવકના દાખલા બનાવવાનું કૌભાંડ બહાર આવતા પાંચ ઈસમ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પરંતુ દસ દિવસ પછી પણ પોલીસે કોઈની ધરપકડ કરી નથી. ત્યારે પોલીસની કામગીરી શંકાના દાયરામાં છે. જો કે, પોલીસ પર ભાજપ નેતાનું દબાણ હોવાનું પણ ચર્ચાય છે. તો એક ચર્ચા મુજબ માત્ર આવકના દાખલા જ નહીં પણ વિધવા પેન્શન, વૃદ્ધાવસ્થા પેન્શન સહિત લગભગ 700 જેટલા દાખલા બોગસ હોવાનું કહેવાય છે. ત્યારે જો સરકાર તટસ્થ અને ઘનિષ્ઠ તપાસ કરાવે તો ચોંકાવનારી માહિતી બહાર આવે તેમ છે.

# વ્યારા પાલિકાનો રાજમાર્ગ ઉપરના પેવર બ્લોક કાર્યમાં નર્યો ભ્રષ્ટાચાર !

**કોન્ટ્રાક્ટરની** સંબંધિત વિભાગના અધિકારીઓ સાથેની સાઠગાંઠથી પેવર બ્લોકના કામ વ્યવસ્થિત ન હોવા છતાં નાણાંની ચૂકવણી



વ્યારાઃ વ્યારા નગર પાલિકા વિસ્તારમાં વિવિધ રાજમાર્ગોની આસપાસ નાંખવામાં આવેલ પેવર બ્લોકમાં ભરપૂર ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની ફરિયાદો ઊઠી છે. પેવર બ્લોક નાંખ્યાને ગણતરીના દિવસોમાં પેવર બ્લોક તૂટવાની ઘટના સામે આવી છે. કેટલાક સ્થળોએ તો બ્લોક નાંખતા પહેલાં જ તુટી રહ્યા છે, ત્યારે આ બ્લોકની ગુણવત્તા કેટલી નબળી હશે? તેનો અંદાજો અહીં કાઢી શકાય છે. ટાઉનમાં ફૂટપાથ પર પણ ન ચાલે તેવા તદ્દન હલકી કક્ષાના બ્લોક રાજમાર્ગો પર પાથરવામાં આવી રહ્યા છે. કોન્ટ્રાક્ટરની સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે સાઠગાંઠ હોવાથી પેવર બ્લોકના કામ વ્યવસ્થિત થયું ન હોવા છતાં કોન્ટ્રાક્ટ મુજબ નાણાંની ચૂકવણી થઈ રહી છે. પાલિકાના સત્તાધીશો સાથેની સાઠગાંઠ દ્વારા કોન્ટ્રાક્ટરો કામમાં લાલિયાવાડી ચલાવી તગડો નફો રળી સરકારી ગ્રાન્ટો ચાઉં કરી જતા હોવાનો બળાપો સ્થાનિકોએ ઠાલવ્યો છે.

વ્યારા ટાઉન નજીકથી પસાર થતા જૂના સુરત-ધુલિયા ધોરી માર્ગ ઉપર ભારે વાહનોની સતત અવરજવર રહેતા હલકી કક્ષાના આ બ્લોકના ભૂક્કા બોલાઇ રહ્યા છે. આ બ્લોક એટલી હલ્કી કક્ષાના છે કે, જરાક બળ લાગતાં તૂટી જાય છે ત્યારે તેની મજબૂતાઇની કોઇ તપાસ કર્યા વિના હલકી કક્ષાના આ બ્લોકોની કામગીરી અંગેની ઉચ્ચ કક્ષાએથી યોગ્ય તપાસ કરવામાં આવે તો નાણાંકીય ભ્રષ્ટાચાર ખુલ્લો પડી જાય તેમ છે. રાજમાર્ગ સાઇડેથી ભારે વાહનો પસાર થતા હોય બ્લોક પાથરતા પહેલાં સળિયા સાથેનું સીસીનું કામ કરી આશરે ૪ ઈંચથી વધુ જીએસબી અને તેના ઉપર ૪થી ૫ ઈંચ ડસ્ટ પાથરવી જોઇએ અને તેના ઉપર હેવી વાહનોના ભાર ખમી શકે તેવા મજબૂત બ્લોક પાથરવા જોઇએ, પણ બ્લોકની આવી કોઇ ગુણવત્તાની ચકાસણી કર્યા વિના રાજમાર્ગ ઉપર બ્લોક પાથરવાની કામગીરી નગરના ફૂટપાથ જેવી નબળી કરવામાં આવી રહી છે. બ્લોક નીચે જીએસબી અને ડસ્ટ કરતાં અહીં માટી-પથ્થરનું મિશ્રણ વધુ પથરાઇ રહ્યુ છે. યોગ્ય પ્રમાણમાં ખોદકામ કરી મટિરિયલ્સ પણ પાથરવામાં આવતું નથી.

### બ્લોક નાંખતા પહેલાં જ તૂટી રહ્યા છે

ટેન્ડર સ્પેશિફિકેશન મુજબની સ્થળે બ્લોક પાથરવાની કોઇ કામગીરી થતી દેખાતી નથી. જેથી આ બ્લોક નાંખતા પહેલાં જ તૂટી રહ્યા હોવાથી લાંબા સમય સુધી ટકી શકે તેમ નથી. પાલિકાએ કોન્ટ્રાક્ટ આપી રાજમાર્ગોની આસપાસ પેવર બ્લોક નાંખવાની કામગીરી મુજબ બજાર, રહેણાક વિસ્તારો, નગરપાલિકાની આસપાસનો વિસ્તાર, કોલેજ રોડ, તળાવ સહિતના વિવિધ વિસ્તારોના માર્ગોની આસપાસમાં પેવર બ્લોક નાંખવામાં આવ્યા છે. જો કે, આ પેવર બ્લોક હલ્કી ગુણવત્તાવાળા હોવાને કારણે કેટલાક સ્થળોએ તૂટી ગયા છે. પરંતુ ગુણવત્તાની ચકાસણી કરાતી નથી. વધુમાં કોન્ટ્રાક્ટ દ્વારા દળ નાંખ્યા બાદ બ્લોક ઉપર મશીનથી કોઈ જ કામગીરી કરવામાં આવતી નથી. માત્ર બ્લોક બેસાડ્યા બાદ જે-તે હાલતમાં મૂકી દેવામાં આવ્યા છે. આ મામલે ઉચ્ચ કક્ષાએથી સ્થળ તપાસ કરી દોષિતો વિરુદ્ધ સખત કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.

### વ્યારા નગર પાલિકાના ઈનચાર્જ સીઓનો સંપર્ક ન થયો

વ્યારા નગર પાલિકાના ઈનચાર્જ ચીફ ઓફિસર મિલનભાઇ પલસાણાનો સંપર્ક થઈ શક્યો ન હતો.

# આંગણવાડીમાં રસોઇ બાબતે સૂચન કરવા જતાં હેલ્પરે મુખ્ય સેવિકાને બે લાફા ઝીંક્યા

**ચીખલીના** કાંગવઇની આંગણવાડીમાં કાચી ભાખરી અંગે કહેતાં ઉશ્કેરાઇ બે લાફા મારનાર હેલ્પર સામે ગુનો નોંધાયો

ઘેજ : ચીખલી તાલુકાના કાંગવઇ ગામની આંગણવાડીમાં વિઝીટ દરમ્યાન રસોઇ બાબતે સુચન કરવા જતાં ઉશ્કેરાઈને હેલ્પરે મુખ્ય સેવિકાને બે લાફા મારી દેતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલીના ઘટક-૩ માં મુખ્ય સેવિકા તરીકે ફરજ બજાવતા ફરિયાદી અમીબેન મુકેશભાઇ પટેલ (રહે.વહેવલ નિશાળ ફળીયા તા.મહુવા જી.સુરત) સોમવારના રોજ કાંગવઇ ગામના કકાટ ફળીયામાં આંગણવાડીની મુલાકાતે ગયા હતા. આંગણવાડી જમીનની સરવેની કામગીરી કરવાની હોય આંગણવાડી કાર્યકર સંતોષી બહેનને પણ હાજર રાખ્યા હતા.

આ દરમ્યાન બપોરનો સમય બાળકોને ભોજન હેલ્પર શિલ્પાબેન દ્વારા આપવામાં આવેલું હોય અને ભોજન ચેક કરવામાં આવતા ભાખરી કાચી અને તેમાં તેલનો વધુ પ્રમાણમાં ઉપયોગ થયેલો જણાતા આ અંગે માર્ગદર્શન અર્થે સૂચન કરતા તે સમયે હેલ્પર શિલ્પાબેન ગેરશિસ્ત વર્તન કરી બોલાચાલી ઝઘડો કરી ઉશ્કેરાઈ જઇ તેમને ગાલ પર બે લાફા મારી દીધા હતા. ઉપરોક્ત મુજબની ફરિયાદમાં પોલીસે હેલ્પર શિલ્પાબેન યોગેશભાઇ પટેલ (રહે.કાંગવઇ નાના ફળીયા તા.ચીખલી) સામે ગુનો નોંધી વધુ તપાસ હે.કો-ધનસુખ મણિલાલ કરી રહ્યા છે.

# નવસારી ગ્રામ્યનો કોન્સ્ટેબલ 40 હજારની લાંચ લેતા ઝડપાયો, પી.એસ.આઇ. વોન્ટેડ

**જામીન** મુક્ત કરવાની કાર્યવાહી માટે પી.એસ.આઇ. અને કોન્સ્ટેબલે લાંચ માંગી હતી

નવસારી : નવસારી ગ્રામ્ય પોલીસ મથકના પી.એસ. આઇ. અને કોન્સ્ટેબલે જામીન મુક્ત કાર્યવાહી કરવા માટે 40 હજાર રૂપિયાની લાંચ માંગી હતી. જેથી એ.સી.બી. પોલીસે કોન્સ્ટેબલને 40 હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યો હતો. જ્યારે પી.એસ. આઇ. મળી ન આવતા વોન્ટેડ જાહેર કર્યા છે.

મળતી માહિતી મુજબ, નવસારીમાં પ્રોહિબિશનના આરોપીએ કોર્ટમાંથી આગોતરા જામીન મેળવ્યા હતા.

જે હુકમ મુજબ અટક કરી જામીન મુક્ત કરવાની કાર્યવાહી કરવા માટે નવસારી ગ્રામ્ય પોલીસ મથકના જી.આઇ.ડી.સી. પોલીસ ચોકીના પી.એસ. આઇ. અમૃતભાઇ મગનભાઇ વસાવા અને કોન્સ્ટેબલ ચિરાગભાઈ સુરેશભાઈ રાઠોડે પ્રોહિબિશનના આરોપીને બોલાવ્યા હતા. જ્યાં પી.એસ.આઇ. એ.એમ. વસાવાએ જામીન મુક્ત કરવાની કાર્યવાહી કરવાના અવેજ પેટે 40 હજાર રૂપિયા માંગ્યા હતા. જે રૂપિયા કોન્સ્ટેબલ ચિરાગભાઈને આપવા માટે જણાવ્યું હતું. જોકે પ્રોહિબિશનના આરોપીએ લાંચ આપવી નહીં હોવાથી એ.સી.બી.પોલીસનો સંપર્ક કર્યો હતો. જેથી આજે એ.સી.બી. પોલીસે નવસારી ગ્રામ્ય પોલીસ મથકમાં છટકું ગોઠવ્યું હતું. દરમિયાન પ્રોહિબિશન આરોપી કોન્સ્ટેબલ ચિરાગભાઈને લાંચની રકમ આપવા માટે ગયા હતા. ત્યારે કોન્સ્ટેબલ ચિરાગને લાંચની રકમ સ્વીકારતા એ.સી.બી. પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પરંતુ તે સમયે પી.એસ. આઇ. એ.એમ. વસાવા હાજર મળ્યા ન હતા. જેથી એ.સી.બી. પોલીસે પી.એસ. આઇ. એ.એમ. વસાવાને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અંકલેશ્વરની શ્રી રામ ઇન્ડસ્ટ્રીઝમાંથી ફાર્મા પાઉડરની ચોરીનો ભેદ ઉકેલાયો

**કંપનીના** જ બે કર્મચારીએ રૂ.1.76 લાખની મતાનો પાઉડર ચોર્યો હતો, ત્રણની અટકાયત, એક ફરાર



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વર જીઆઈડીસીની કંપનીમાંથી છેલ્લા ત્રણ મહિનાના ગાળા દરમિયાન થતી ચોરીનો ભેદ ઉકેલાયો હતો. પોલીસ તપાસમાં કંપનીના બે કર્મચારી સહિત ચારની સંડોવણી બહાર આવી હતી.

અંકલેશ્વર જીઆઇડીસીમાં આવેલી શ્રી રામ ઇન્ડસ્ટ્રીઝમાંથી તા.7મી ફેબ્રુઆરીથી તા.7 મે દરમિયાન કોઇ ગઠિયાઓ દ્વારા રૂ.1.76 લાખની મતાનું કુલ 80 કિલો જેટલા 66-એચક્યુ નામના ફાર્મા ઇન્ટરમિડિયેટ પાઉડરની ચોરી થઇ હતી. જે અંગે અંકલેશ્વર જીઆઇડીસી પોલીસમથકે ફરિયાદ નોંધાઇ હતી. દરમિયાનમાં ભરૂચ LCBની ટીમ અંકલેશ્વર જીઆઇડીસી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. એ વેળા તેમને બાતમી મળી હતી કે, રાજપીપળા ચોકડી પાસે એક શખ્સ શંકાસ્પદ પાઉડરનું સેમ્પલ લઇ ફરી રહ્યો છે અને તે કોઇને તે વેચવાની ફિરાકમાં છે. જેથી ટીમે તેને ઝડપી નામ પૂછતાં અર્જુન રામયશ યાદવ હોવાનું માલૂમ પડ્યું હતું. તેણે પોલીસ પૂછપરછમાં કબૂલ્યું હતું કે, બાદલ શરગુણ યાદવ નામના મિત્રએ તેને આ સેમ્પલ આપ્યું હતું અને ગ્રાહક શોધવા કહ્યું હતું.


ટીમે બાદલની ધરપકડ કરતાં તેણે રણજીત રામપતિ કુંવરનું નામ લીધું હતું.

જેથી ટીમે રણજીતને પણ ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં તેણે કબૂલ્યું હતું કે, તે અને પ્રભાત મંડલ છેલ્લાં પાંચેક વર્ષથી શ્રીરામ ઇન્ડસ્ટ્રીઝમાં ઓપરેટર તરીકે નોકરી કરતા હતા. તેઓએ રૂપિયા કમાવવાની લાલચમાં આવી કંપનીમાંથી થોડો થોડો કરીને પાઉડર ચોરી કરી લઇ આવી તેમની રૂમમાં સંતાડ્યો હતો અને વેચવા માટે તેમણે સેમ્પલ આપ્યાનું કબૂલ્યું હતું. ટીમે ત્રણેયની ધરપકડ કરી પ્રભાત મંડલને ફરાર જાહેર કરી તેને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી હતી.

### પકડાયેલા આરોપીઓ

અર્જુન રામયશ યાદવ (ઉં.વ.36) (રહે., ગોકુલધામ સોસાયટી, તા.અંકલેશ્વર, મૂળ રહે., યુપી), બાદલકુમાર શરગુણ યાદવ (ઉં.વ.32) (રહે.,પહેલો માળ, બાપુનગર), રણજીતકુમાર રામપતિ કુંવર (ઉં.વ.35) (રહે.,ત્રીજો માળ, બાપુનગર, બંને રહે., શાંતિનગરની બાજુમાં, અંકલેશ્વર GIDC, મૂળ રહે.,ચિચૌહરી, ઝારખંડ)

# પારડી હાઈવેના અંડરપાસમાં મસમોટું કન્ટેનર ફસાયું



અમૃત પટેલ

**ટોલટેક્સ** બચાવવા પરિયા-અંબાચ રોડનો ઉપયોગ કરતા ભારે વાહનચાલકોને લઈ દમણીઝાંપા પર રોજનો ટ્રાફિકજામ

પારડી : પારડી દમણીઝાંપા હાઈવે અંડરપાસમાંથી પસાર થતું મસમોટું કન્ટેનર ફસાઈ જતા ટ્રાફિક સર્જાયો હતો. નેશનલ હાઈવે નંબર 48 પર ટ્રક, કન્ટેનર, ડમ્પર, ટેલર જેવા ભારે વાહનો ટોલટેક્સ બચાવવા માટે પારડીના પરીયા અંબાચ રોડ થઈ પસાર થતા હોય છે. જેના કારણે પારડી દમણીઝાંપા હાઈવે અંડરપાસમાં રોજના ટ્રાફિક સર્જાય છે. ત્યારે ગતરોજ રાત્રિના એક મસમોટું કન્ટેનર દમણીઝાંપા બ્રિજ નીચેથી પસાર થતાં સામેથી અન્ય એક ટ્રક આવતા ફસાઈ ગયું હતું. જેના કારણે ટ્રાફિક જામ થયો હતો.

ત્યારે અહીંથી પસાર થતાં સ્થાનિક વાહનચાલકો ટ્રાફિકમાં ફસાતા રોષ વ્યક્ત કર્યો હતો.

અહીં રોજના સાંજે નોકરીએથી છૂટી પરત ઘરે જતા લોકો ટ્રાફિકમાં અટવાતા હોય છે, ત્યારે ભારે વાહન ચાલકો ટોલટેક્સ બચાવવાના ચક્કરમાં બેફામ વાહન હંકારી જતા અકસ્માતનો ભય સતાવે છે. તેમજ નાના વાહન ચાલકોને અહીંથી પસાર થવામાં મુશ્કેલી સર્જાય છે. ત્યારે તંત્ર આ બાબતે ધ્યાન દોરી પારડીના પરીયા અંબાચ રોડનો ઉપયોગ કરતા વાહન ચાલકો સામે પગલાં ભરવા માંગ કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### નેત્રંગ રેફરલ હોસ્પિટલમાં હેલ્થ મેળો યોજાશે

નેત્રંગઃ નેત્રંગ રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રનાં ઈનચાર્જ અધિક્ષક ડો.શિલ્પાબેન તરફથી મળેલી માહિતી મુજબ નેત્રંગ નગર સહિત તાલુકાની જનતા માટે તા.૧૫મીના રોજ સવારે ૯.૩૦ બપોરના ૧ વાગ્યા સુધી રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઉચ્ચ કક્ષાની તબીબી સારવાર માટે આયુષ્યમાન હેલ્થ મેળાનું આયોજન કરાયું છે, જેમાં નિષ્ણાત ડોક્ટર જેમ કે મેડિસીન, સ્ત્રીરોગ, બાળરોગ, જનરલ સર્જન, કાન, નાક, ગળા, આંખ, મનોરોગ, ચામડી રોગ, એનેસ્થેટિસ્ટ, ડેન્ટલ, ફિઝિયોથેરાપીસ્ટ હાજર રહી પોતાની સેવા આપશે.

### વ્યારામાં ખેતીની જમીન અને પાણીના પૃથ્થકરણ માટે પ્રયોગશાળા કાર્યરત

વ્યારાઃ તાપી જિલ્લાના ખેડૂત ખાતેદારો માટે વ્યારા ખાતે જમીન ચકાસણી પ્રયોગશાળા કાર્યરત છે. જેમાં માટી તેમજ પાણીના નમૂનાનું પૃથ્થકરણ કરવાની કામગીરી કરવામાં આવે છે. જે કોઈ ખેડૂત ખાતેદાર પોતાની ખેતીની માટીના તેમજ પાણીના નમૂનાનું પૃથ્થકરણ કરાવવા માંગતા હોય તેવા ખેડૂતોએ પોતાના ખેતરમાંથી માટી તેમજ પાણીનો નમૂનો એકત્રિત કરી મદદનીશ ખેતી નિયામકની કચેરી, જમીન ચકાસણી પ્રયોગશાળા, ખેડૂત તાલીમ કેન્દ્રની પાછળ, ઉનાઈ રોડ, વ્યારાની કચેરીએ પહોંચતા કરવાના રહેશે. માટી તેમજ પાણીના નમૂનાની ચકાસણી માટે સરકારના પ્રવર્તમાન ધારાધોરણ મુજબની મુખ્ય તત્ત્વો, સૂક્ષ્મ તત્ત્વો (ફી રૂ.૧૫) અને પાણીના રૂ.૧૫ પ્રતિ નમૂના લેખે ભરવાના રહેશે. જમીન-પાણીના નમૂના લેવાની પદ્ધતિ અને આ બાબતે સંપૂર્ણ વિગતો માટે ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવક તેમજ તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારીનો સંપર્ક કરવાનો રહેશે.

### નાની નરોલી ભારતીય વિદ્યાભવનનું ધો.10 અંગ્રેજી માધ્યમનું પરિણામ 93.5% આવ્યું

વાંકલઃ માંગરોળના નાની નરોલીની જીઆઈપીસીએલ એકેડમી શાળા ભારતીય વિદ્યાભવનના ધો.10 સીબીએસસી અંગ્રેજી માધ્યમના 62 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જેમાંથી 58 વિદ્યાર્થી પાસ થયા હતા.જે ટકાવારી પ્રમાણે જીઆઇપીસીએલ શાળાનું ધો.10નું 93.5% પરિણામ જાહેર થયુંહતું. ઉત્તીર્ણ થયેલા શાળાના તમામ વિદ્યાર્થીઓને આચાર્ય વૈભવ અગ્રવાલજી દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી, જેમાં આર્યન તિવારી 96.20%, મીત ભાનુશાલી 95.20 ટકા, જ્યારે વાંકલ ગામના ટીશા મૈસુરીયાએ 93.40% મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. જીઆઇપીસીએલ શાળાના શિક્ષકોએ તેઓને આવનારા ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### ભરૂચ જિલ્લા આયોજનમંડળની બેઠક યોજાઇ

ભરૂચઃ જિલ્લા આયોજન ભવન ખાતે રાજ્યના આદિજાતી મંત્રી અને ભરૂચ જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષ સ્થાને જિલ્લા આયોજન મંડળ અને ટ્રાયબલ સબ પ્લાન કચેરી હેઠળ આદિજાતિ વિકાસ મંડળની બેઠક મળી હતી. વિકેન્દ્રીત જિલ્લા આયોજન હેઠળની વિવેકાધીન જોગવાઈ હેઠળ અંદાજિત રૂ.1068.04 લાખથી વધુનાં કુલ 510 વિકાસ કામોના આયોજનને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

### બારડોલીના સમાજસેવકનો જન્મદિવસે અંગદાનનો સંકલ્પ



બારડોલીઃ બારડોલીના કડોદ ગામના વતની અને માહ્યાવંશી સમાજ બ્લડ વોરિયર્સ ગ્રુપ સુરતના એડમીન, સમાજસેવક વિજયભાઈ વાઘેલાએ તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ પોતાના જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરી હતી. માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા, તેમણે કેન્દ્ર સરકારના પરીવાર કલ્યાણ મંત્રાલય સમક્ષ અંગદાન કરવાનો મહાન સંકલ્પ જાહેર કર્યો હતો. છેલ્લા ૧૬ મહિનાથી બ્લડ ડોનેશન અને મેડિકલ સાધન સહાય જેવા સેવાયજ્ઞમાં સક્રિય વિજયભાઈના આ પ્રેરણાદાયી નિર્ણયથી યુવાઓને પણ અંગદાન કરવા પ્રેરણા મળશે.

# પ્રતાપનગરમાં વડીલોપાર્જિત જમીન પચાવી પાડી ધમકી આપતાં માતા-પુત્ર સામે ફરિયાદ

રાજપીપળાઃ પ્રતાપનગરના મનોજભાઈ ઘેલાભાઈ વસાવાએ આપેલી ફરિયાદ મુજબ સંગીતાબેન વિરસીંગભાઈ વસાવા તથા હેમંતભાઈ વિરસીંગભાઈ વસાવાએ તેમની સંયુક્ત વડીલોપાર્જીત જમીન પ્રતાપનગર ગામની સીમમાં આવેલી છે, જે જમીનમાંથી તેમના કાકા જાનીયાભાઈ બોડીયાભાઈ વસાવાના ભાગે આવેલી જમીન સને-૨૦૧૨માં મૃત્યુ પામતા પહેલા આ આરોપીઓને ભાગે કરવા માટે આપી હતી. જે જમીનનો કબજો કાકાના મૃત્યુ પછી માતા-પુત્રએ આજદિન સુધી છોડ્યો નથી. માતા-પુત્ર પાસે આ જમીનના વેચાણ દસ્તાવેજની માંગણી કરતાં કોઈ દસ્તાવેજ કે પુરાવા આપ્યો નહીં અને મનોજભાઈ સાથે જમીન બાબતે અવારનવાર ઝઘડો કરી ગાળો આપી હત્યાની ધમકીઓ આપી સંયુક્ત માલિકીની જમીન પચાવી પાડી ગુનો કરતાં આમલેથા પોલીસે માતા-પુત્ર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

# મની હેઈસ્ટ: વલસાડમાં ભરબપોરે માત્ર અડધો કલાકમાં ઘરમાંથી 11 લાખ સાફ

**કાપડિયા** ચાલમાં બંધ ફ્લેટનું તાળું તોડી તસ્કરો 25 તોલાના દાગીના, 2 લાખ રોકડાની ચોરી કરી ગયા

વલસાડઃ વલસાડમાં ધોળા દિવસે તસ્કરોએ કાપડિયા ચાલમાં આવેલા એક ઘરમાં હાથ અજમાવ્યો હતો. મુખ્ય દરવાજાનું તાળું નકુચા સાથે તોડી તસ્કરો 25 તોલા સોનું, રૂ.2 લાખ રોકડા મળી કુલ રૂ.11 લાખની મત્તાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. તસ્કરોએ આ ચોરી માત્ર અડધો કલાકમાં જ કરી હતી. અડધો કલાક ઘર બંધ રહ્યું ત્યારે ધોળા દિવસે જ કોઇ તસ્કર ચોરી કરી ગયું હોવાનું જાણવા મળે છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ કાપડિયા ચાલ રોયલ એપાર્ટમેન્ટમાં રહેતો સરફરાઝ યાકુબ મન્સૂરીના પત્ની ગત 3 મેના રોજ બપોરે 3.30 કલાકે તેમના ઘરને તાળું મારી બહાર ગયા હતા. ત્યારબાદ તેઓ 4 વાગ્યે તેમના ઘરે ગયા ત્યારે ઘરના દરવાજાનું તાળું તૂટેલું હતું. તેમણે અંદર જઈને જોતાં તેમના ઘરમાં બેડરૂમના કબાટમાંથી સોના-ચાંદીના ઘરેણાં ગાયબ હતા. તેમના કબાટમાં મુકેલા 25 તોલા જેટલા સોનાના ઘરેણાં તેમજ રૂ.2 લાખ રોકડા હતા. જેની ચોરી કરી તસ્કર ફરાર થઈ ગયો હતો. આ બનાવ સંદર્ભે સરફરાઝે વલસાડ ટાઉન પોલીસમથકે ફરિયાદ કરતાં પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.